જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૮/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૩૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૮૮૯૯	૧૬૩	૬૯૦૬૨	૬૯૭૭૧	૧૭૩	૬૯૯૪૪
કુલ		૮૫૩૭૫	૧૬૩	૮૫૫૩૮	૯૪૧૬૧	૧૭૩	૯૪૩૩૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૯	૩,૪૮,૩૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૭૦	૧૩,૭૦,૦૦૦/-

ચેઇન સ્નેચીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ મોબાઇલ સ્નેચિંગ ના ગુન્હાના આરોપીને ટેકનીકલ ટેકનોલોજી ના ઉપયોગ થી પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી **એ.જે.ચૌહાણ** સાહેબ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તા.૨૩/૦૮/૨૦૨૧ ના રોજ સવારથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૦૨૫૭૪/૨૦૨૦ તા.૦૩/૧૨/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)૩ મુજબના ગુન્હા ના કામે ચોરીયે ગયેલ મોબાઇલ ના આઇ.એમ.ઇ.આઇ નંબર આધારે હિંમતનગર પોલો ગ્રાઉન્ડ વૃષભદેવ સોસાયટી ભાવેશભાઇ રમેશભાઇ અસારી ના સરનામે **એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ** નાઓએ હિમંતનગર ખાતે તપાસમાં જઇ તપાસ કરી મોબાઇલ સ્નેચિંગ કરનાર આરોપીની બાતમી હકિકત મેળવી તા.૨૩/૦૮/૨૦૨૧ ના રોજ સાહેદ પાસેથી મુદ્દામાલ મોબાઇલ ફોન મળી આવતા પંચનામાં વિગતે કબ્જે કરી આરોપીને પોતાના રહેણાંક મુકામની આજુ-બાજુમાંથી પકડી પાડી કોરોનાની સારવાર બાદ રિપોર્ટ નેગેટીવ આવતા ક.૨૧/૩૦ વાગે અટક કરી ઉપરોકત મોબાઇલ સ્નેચિંગ નો ગુન્હો ડિટેઇક કરી **સારી કામગીરી** કરેલ છે તા.૨૪/૦૮/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા તેઓની ટીમના માણસો એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કો.સંજયસિંહ ભરતસિંહ બ.ન.૧૦૧૮૮ તથા તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા બીજા સાથેના માણસો

આરોપીનું નામ :- સુરજ ઉર્ફે સુરેશ સ/ઓ જીવણભાઇ ખેમાભાઇ જાતે સોલંકી(મારવાડી) ઉ.વ.૨૩ ધંધો-છુટક મજુરી રહે,ખોડીયારનગર વિ-૩ જોગણી માતા ના મંદિર ની બાજુમાં દેવજીભાઇ ભરવાડ ના મકાનમાં નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-જવાહરનગર સેરખન તળાવ નડીયાદ ખેડા

આરોપીનો પુર્વ ઇતિહાસ :- આરોપી અગાઉ મોબાઇલ ચોરીમાં નિકોલ પો.સ્ટે.માં પકડાયેલ છે તેમજ દારૂ પિધેલાના કેશમાં સરદારનગર પો.સ્ટે.ખાતે અગાઉ પકડાયેલ છે અને છુટક થેલાઓ તથા પાથરણાની ફેરી કરે છે અને હાલ ઉપરોકત ગુન્હામાં પકડેલ છે

આરોપીનો ફોટો



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૩૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૫૯ દેશી દારૂ અને ૧૫૧ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૨,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૩૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૫૪૦/૨૦૨૧**

નવરંગપુરાઃ બેન્કના બ્રાન્ચ મેનેજર કાર્તીકેય સ/ઓ થીરૂનાનાસમંથન (ઉ.વ.૩૫) (રહે. અશોકા એપાર્ટમેન્ટ ગુજરત કોલેજ પાસે એલીસબ્રિજ) એ તા.૨૩/૦૮/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે

તા.૨૯/૦૪/૨૦૨૧ થી તા.૧૭/૦૭/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અજય છગનભાઇ ચૌહાણ (રહે. શ્રી ગરીબ આવાસ યોજના ભાઠા ગામ વાસણા) એ નવરંગપુરા સી.જી.રોડ ટેલીફોન એક્ષચેન્જ સામે જતન કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ ઇન્ડીયન બેન્ક ખાતે આરૂન વેજીટેબલના નામનુ કરન્ટ એકાઉન્ટ ખોલાવી તે ખાતામાં ગઇ તા.૨૯/૦૪/૨૦૨૧ ના રોજ પટના ખાતે આવેલ ઇન્ડીયન બેન્ક પટના યુનીર્વસીટી બ્રાંચના ખાતા ધારક પટના કોલેજ નાઓનો ચેક બનાવી જેમાં ૬૨,૮૦,૦૦૦/- રકમ ભરી, તેમાં ખાતા ધારક પટના કોલેજ નાઓની ખોટી સહિઓ કરી, નવરંગપુરા સી.જી.રોડ ખાતે આવેલ તેઓના આરૂન વેજીટેબલના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લીધા હતા.

તેમજ આરોપી વિજય રાજેશભાઇ નાયક (રહે.કટયા હાઉસ સાંઇ સ્ટેટસ ટાગોર રેસીડન્સી એમ.કે.હાઉસ વાસણાબ્રિજ રીવરફન્ટ પાલડી) એ તા.૧૭/૧૨/૨૦૨૦ ના રોજ નવરંગપુરા સી.જી.રોડ ટેલીફોન એક્ષચેન્જ સામે જતન કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ ઇન્ડીયન બેન્ક ખાતે કે.ડી.એન્ટ્રપ્રાઇઝના નામનુ કરન્ટ એકાઉન્ટ ખોલાવી તે ખાતામા ગઇ તા.૨૩/૦૪/૨૦૨૧ ના રોજ ઇન્ડીયન બેન્ક ન્યુ દિલ્લી મેઇન બ્રાન્યના ખાતા ધારક ટી.ડી.આઇ. ઇન્ફ્રાસ્ટકચર લીમેટેડ નાઓનો ચેક બનાવી જેમા ૪૨,૮૦,૦૦૦/- રકમ ભરી, તેમા ખાતા ધારક ટી.ડી.આઇ. ઇન્ફ્રાસ્ટકચર લીમેટેડ નાઓની ખોટી સહીઓ કરી, નવરંગપુરા સી.જી.રોડ બ્રાન્ચ ખાતે આવેલ તેઓના કે.ડી.એન્ટરપ્રાઇઝના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લીધા હતા. આ બન્ને ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૫૪૧/૨૦૨૧**

એરપોર્ટઃ હરેશભાઇ મેધરાજમલ સંગતાણી (રહે. રામેશ્વર ફલેટ છાવણી પાર્ક પાસે હાંસોલ સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૮/૨૦૨૧ કલાક ૨/૦૦ થી કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરતા સીસીટીવી કેમેરામાં દેખાતા ચાર અજાણ્યા પુરૂષ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨,૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૯૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

લુંટની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૫૪૨/૨૦૨૧**

કાગડાપીઠઃ આશીફભાઇ અયુબભાઇ શેખ (ઉ.વ.૩૮) (રહે. મ્યુનિસિપલ ક્વોર્ટર્સ, રાજપુર ગોમતીપુર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૮/૨૦૨૧ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે આશીફભાઈ શેખ કાંકરીયા અણૂવ્રત સર્કલ નજીક શૌચાલયમાં ગયા હતા ત્યારે ચાર અજાણ્યા પુરૂષોએ આશીફભાઇ શેખને માર-મારી ખીસ્સામાંથી રોકડ રૂપિયા ૪૧,૦૦૦/- કાઢી લઈ લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૫૪૩/૨૦૨૧**

રાણીપઃ ધવલ રમેશચંદ્ર શ્રીમાળી (ઉ.વ.૩૨) (રહે.મહેસાણા શાંતિકુંજ સોસાયટી મહેસાણા તથા અનંત સ્કાય ફ્લેટ, પિંક સિટી સામે, રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે રાણીપ પોતાના મકાન ખાતે ઝેરી દવા પી લીધી હતી અને મહેસાણા ખાતે પોતાના બીજા ઘરે પહોંચતા ઝેરની અસર થતા સારવાર માટે તેમને મહેસાણા લાયન્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૮/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ફતેસિંહ દેવુસિંહ ચલાવે છે.

મેઘાણીનગરઃ રિબેકા જેમ્સ મેન્યુઅલ મુરે (ઉ.વ.૧૯) (રહે. ગાયત્રીનગર સોસાયટી મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૮/૨૦૨૧ સાંજના ૫/૩૦ થી ૬/૧૫ વાગ્યા દારમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.ઢોડિયા ચલાવે છે.

નિકોલઃ રીટાબહેન વા/ઓ કિશોરભાઇ પંચાલ (ઉ.વ.૩૪) (રહે. ગેલેક્સિ, હાઇટ્સ એસ.પી.રીંગ રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૮/૨૦૨૧ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને પરીખ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૮/૨૦૨૧ કલાક ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી